**FORM A**

**સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં,**
**મુકામ–સુરત**

**સમક્ષ :** **અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત**

**ફોજદારી કેસ નંબર ૧૮૬૪/૨૦૨૨**
**આંક –**

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અંતર્ગત ખાનગી ફરિયાદ

| | |
|---|---|
| **ફરિયાદી** | રવિ રામઅવતાર મૌર તે ગણપતિ ઈન્ટરનેશનલના ભાગીદાર તથા ઓથોરાઈઝડ પર્સન,<br>ઉં.વ.આ.૩૨, જાતે–હિન્દુ, ધંધો–વેપાર,<br>ઠે. પ્લોટ નં.૧ થી ૪, ઓમ હાઉસ, ખોડીયાર નગર સોસાયટી, આઈ.એફ.એમ.બીલ્ડીંગ, વિષ્ણુનગરની સામે, પુણાગામ, સુરત. |
| **ફરિયાદ પક્ષ તરફે** | વિ.એ.પી.પી.શ્રી એસ.કે.ચીત્તે |
| **આરોપી/ઓ** | પ્રકાશભાઈ બાબુભાઈ માલવીયા તે ગોપીનાથજી નોન વોવેનના પ્રોપરાયટર.<br>ઉં.વ.આ.પુખ્ત,જાતે–હિન્દુ,ધંધો–વેપાર,<br>ઠે.નં.પ્લોટ નં.૬૦, ગ્રાઉન્ડ ફલોર, સપના હોઉસીંગ સોસાયટી, લંબે હનુમાન રોડ, કરંજ, સુરત.<br>રહે.ગોપીનાથજી નોન વોવેન, કૃપા રેન્ટલ, એર મોલ પાસે, સુદામાં ચોક, મોટા વરાછા, સુરત. |
| **આરોપી પક્ષ તરફે** | વિ.વ.શ્રી આર.પી.મીસ્ત્રી |

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:45:48 IST.

## FORM B

| | |
|---|---|
| ચેક પરત ફર્યા તારીખ | ૨૪/૦૧/૨૦૨૨ |
| એફ.આઈ.આર. નોંધાયા તારીખ | ૦૯/૦૩/૨૦૨૨ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | – |
| તહોમતનામું ઘડ્યા તારીખ/પ્લી રેકર્ડ કર્યા તારીખ | ૧૪/૦૩/૨૦૨૪ |
| ચુકાદા માટે મુકરર થયા તારીખ | |
| ચુકાદો જાહેર થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| જો કોઈ સજા ફરમાવી હોય તો તેની તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |

### આરોપી/ઓની વિગત

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન મુક્ત થયા તારીખ | ગુનાનું તહોમત | નિર્દોષ/દોષિત | સજા ફરમાવી હોય તો તેની વિગત | ક્રિ.પ્રો.કો.ક.૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | પ્રકાશભાઇ બાબુભાઇ માલવીયા તે ગોપીનાથજી નોન વોવેનના પ્રોપરાયટર. | – | – | ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ | દોષિત | **૦૧ વર્ષની સાદી કેદની સજા તથા ચેક ની રકમ જેટલો દંડ** | – |

## –// ચુકાદો //–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી "ગણપતી ઈન્ટરનેશનલ" ના નામે ટેક્ષટાઈલને લગતો વેપાર–ધંધો કરતા આવેલ છે અને મજકુર કામે ગણપતી ઈન્ટરનેશનલ ના અન્ય ભાગીદારો મહેશકુમાર બાગરીયા તથા ખુશ્બુ શોભાસરીયાનાઓએ મજકુર પેઢીને લગતી તમામ કાર્યવાહી કરવા માટે ફરિયાદીને ઓથોરીટી લખી આપેલ છે. આ કામના આરોપીએ ફરિયાદીનો સંપર્ક કરી ફરિયાદીના ઉપરોકત દર્શાવેલ ઓફીસ/ગોડાઉન ઉપર આવીને ફરિયાદીને લલચામણી–લોભામણી વાતોમાં ફસાવી પાકો વિશ્વાસ અને ભરોસો આપી જણાવેલ કે, તેઓની સાથે વેપાર ધંધો કરશો તો તમોને ખુબ જ મોટા પ્રમાણમાં નફો થશે અને તમારુ પેમેન્ટ પણ નિયમીત સમય મર્યાદામાં ચુકવી આપશુ. આમ આ કામના આરોપી ઉપર અમો ફરિયાદીને વિશ્વાસ અને ભરોસો આપી અમો ફરિયાદી પાસેથી નીચેની વિગતે રૂા.૨,૭૯,૩૫૦/– નો માલ ખરીદ કરેલ.

| અનુ. નં. | તારીખ | બીલ નંબર | માલની વિગત | રકમ |
|---|---|---|---|---|

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:46:20 IST.

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૨/૦૪/૨૦૨૧ | ૦૮ | નોન વોવેન બેઝીક ફેબ્રીકસ | ૫૧,૯૨૪/– |
| ૦૨ | ૦૩/૦૪/૨૦૨૧ | ૧૩ | નોન વોવેન બેઝીક ફેબ્રીકસ | ૨૪,૧૮૩/– |
| ૦૩ | ૦૬/૦૪/૨૦૨૧ | ૨૭ | નોન વોવેન બેઝીક ફેબ્રીકસ | ૯૩,૬૬૮/– |
| ૦૪ | ૦૬/૦૪/૨૦૨૧ | ૨૮ | નોન વોવેન બેઝીક ફેબ્રીકસ | ૧૯,૮૮૭/– |
| ૦૫ | ૧૨/૦૪/૨૦૨૧ | ૬૦ | નોન વોવેન બેઝીક ફેબ્રીકસ | ૮૯,૬૮૮/– |
| | | | **કુલ રૂા.** | **૨,૭૯,૩૫૦/–** |

આમ આ કામના આરોપીએ ફરિયાદી કનેથી ઉપરોકત દર્શાવ્યા મુજબના રકમનો માલ ખરીદ કરેલ જે માલની કુલ રકમ રૂા.૨,૭૯,૩૫૦/– પૈકી રૂા.૨,૦૪,૩૫૦/– આ કામના આરોપીએ ટુકડે–ટુકડે ચુકવી આપેલ જેથી મજકુર આરોપી પાસેથી રૂા.૭૫,૦૦૦/– તથા વેપારી–ધારા અને શીરસ્તા મુજબ લેટ પેમેન્ટના રૂા.૨૬,૨૫૦/– મળી કુલ રૂા.૧,૦૧,૨૫૦/– આ કામના આરોપી પાસેથી લેવાના બાકી નીકળે છે જે રકમ આ કામના આરોપીએ આજદીન સુધી ચુકવી આપેલ નથી. ફરિયાદીએ આ કામના આરોપી પાસેથી કાયદેસની લેણી નીકળતી રકમ રૂા.૧,૦૧,૨૫૦/– ની ઉઘરાણી કરતા મજકુર આરોપીએ થોડા દિવસ રોકાઇ જાવ તમારી રકમ તમને ચોકકસ ચુકવી આપીશુ તેઓ પાકો ભરોસો અને વિશ્વાસ અને ભરોસો આપેલ. ત્યારબાદ પણ સદર કામના આરોપીએ અમો ફરિયાદીને કાયદેસરની રકમ ચુકવી આપેલ નથી. આમ અમો ફરિયાદીએ આ કામના આરોપી પાસેથી બાકી નીકળતી રકમની ઉઘરાણી કરતા આ કામના આરોપીએ કાયદેસરની ચુકવણીની જવાબદારી સ્વીકારી આ કામના આરોપીએ આરોપીની બેંક આઇ.સી.આઇ.સી.આઇ બેંક, કાપોદ્રા, સુરત શાખાનો તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજનો ચેક નં.૦૦૦૮૦૪, રૂા.૫૦,૦૦૦/– તથા તા.૨૧/૦૧/૨૦૨૨ ના રોજનો ચેક નં.૦૦૦૮૦૫, રૂા.૫૦,૦૦૦/– નો લખી આપી અને પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ કે, સદર ચેકો બેંકમાં રજુ કરતા સદર ચેકોનુ પેમેન્ટ ચોકકસ મળી જશે. આમ આ કામના ફરિયાદીએ આરોપીની સુચના મુજબ ફરિયાદીએ ફરિયાદીની બેંક એચ.ડી.એફ.સી બેંક લી. ઘોડદોડ રોડ, સુરત શાખામાં રજુ કરતા સદર બન્ને ચેકો ફંડ ઇનસફીસીયન્ટના શેરા સાથે તા.૨૪/૦૧/૨૦૨૨ ના રોજ પરત આવેલ. જેની જાણ ફરિયાદીને તા.૨૪/૦૧/૨૦૨૨

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:46:35 IST.

ના રોજના રીર્ટન મેમાં વડે થયેલ. જેથી ફરિયાદીએ મજુકર આ કામના આરોપીનો પરત સંપર્ક કરતા આરોપીએ જણાવેલ કે, હાલ મારી પરિસ્થિતિ સારી નથી મારૂ અન્ય પાર્ટીઓમાં પેમેન્ટ ફસાયેલ છે પરંતુ મારી વ્યવસ્થા થતાં એક–બે દિવસમાં રકમ ચેકવી આપીશ તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ જેના લીધે આ કામના ફરિયાદી થોડા દિવસ રોકાઇ ગયેલ અને બાદમાં આ કામના આરોપીનો સંપર્ક કરતા આરોપીએ ખોટો અને ઉડાઉ જવાબ આપેલ અને બાકી નીળકતી કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. જેથી ફરિયાદીએ માંગણા નોટીસ તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ મોકલી આપેલી જે આરોપીને તા.૦૨/૦૨/૨૦૨૨ તથા તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ મળી ગયેલ તેમ છતા સમય મર્યાદામાં આરોપીએ રકમ ચુકવી આપેલ નથી. તેમ કરી આરોપીએ ગુનો આચરેલ હોઈ, આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબની મહત્તમ સજા અને દંડ કરવા અને ફરિયાદીને યોગ્ય વળતર મળે તે હેતુથી હાલની ફરિયાદ કરેલ છે.

(૨) આરોપી વિરૂદ્ધ ફરિયાદ દાખલ થતાં પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ, જેની આરોપીને ધોરણસર બજવણી થતા અને આરોપી હાજર થતા તા.૧૪/૦૩/૨૦૨૪ ના રોજ આરોપી હાજર થતા આરોપીની પ્લી આંક–૦૯ થી રેકર્ડ કરવામાં આવેલી, જેમાં આરોપીને ફરિયાદના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે અને આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરેલ હોઈ, કામ ફરિયાદ પક્ષના પુરાવા સારૂ મુકરર રહેલ.

(૩) ફરિયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છેઃ –

**FORM–C**

**ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ સાહેદોના પુરાવાની વિગતો**

**A. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવો**

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર *(નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, તબીબી સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ)* | આંક |
|---|---|---|---|
| ૦૧ | સાહેદ રવિ રામઅવતાર મોર તે ગણપતી ઈન્ટરનેશનલના ભાગીદાર તથા ઓથોરોઈઝડ પર્સનનુ સરતપાસનું સોગંદનામું | ફરિયાદી | ૦૪ |

**B.આરોપી પક્ષ તરફે મૌખિક પુરાવો, જો કોઈ હોય તો**

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:46:51 IST.

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, તબીબી સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) | આંક |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

## C.કોર્ટ દ્વારા નોંધાયેલ પુરાવો, જો કોઈ હોય તો

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાહેદ, પોલીસ સાહેદ, નિષ્ણાંત સાહેદ, તબીબી સાહેદ, પંચ સાહેદ, અન્ય સાહેદ) | આંક |
|---|---|---|---|
| ૦૧ | – – – | – – – | – – – |

## ફરિયાદ પક્ષ / આરોપી પક્ષ / કોર્ટ દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવાની વિગતો

## A. ફરિયાદ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો

| અનુક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ઓથોરીટી લેટર | ૧૦ |
| ૨ | ફરિયાદીના બેંક સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ | ૧૧ |
| ૩ | જી.એસ.ટી. સર્ટીફિકેટ | ૧૨ |
| ૪ | બીલ નંબર–૨૮ | ૧૩ |
| ૫ | બીલ નંબર–૬૦ | ૧૪ |
| ૬ | ફરિયાદીને આપેલ અસલ ચેક નં.૦૦૦૮૦૪ | ૧૫ |
| ૭ | એજન ચેકનો રીટર્ન મેમો અસલ | ૧૬ |
| ૮ | ફરિયાદીને આપેલ અસલ ચેક નં.૦૦૦૮૦૫ | ૧૭ |
| ૯ | એજન ચેકનો રીટર્ન મેમો અસલ | ૧૮ |
| ૧૦ | ડિમાન્ડ નોટીસ | ૧૯ |
| ૧૧ | પોસ્ટ ખાતાની રસીદ | ૨૦ |
| ૧૨ | આરોપીને નોટીસ બજી ગયા અંગેની ઇન્ટરનેટ પ્રોસ્પેકટની નકલ | ૨૧ |
| ૧૩ | ડિમાન્ડ નોટીસ પોસ્ટથી મોકલાવેલ તે રસીદની અસલ | ૨૨ |

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:47:08 IST.

| અનુક્રમ | વિગત | આંક |
| --- | --- | --- |
| ૧૪ | આરોપીને નોટીસ બજી ગયા અંગેની માહિતી દર્શાવતુ ઈન્ટરનેટ પ્રોસ્પેકટની કોપી | ૨૩ |

**B. બચાવ પક્ષ તરફે રજૂ દસ્તાવેજી પુરાવો**

| અનુક્રમ | આંક | વિગત |
| --- | --- | --- |
| ૦૧ | – – – | – – – |

**C. અદાલત દ્વારા નોંધાયેલ દસ્તાવેજી પુરાવો**

| અનુક્રમ | આંક | વિગત |
| --- | --- | --- |
| ૦૧ | – – – | – – – |

**D. મહત્વનો પુરાવો (મટીરીયલ ઓબ્જેક્ટ)**

| અનુક્રમ | આંક | વિગત |
| --- | --- | --- |
| ૦૧ | – – – | – – – |

(૩.૧) ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત પુરાવો રજૂ થયેલ છે, ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ આ સીવાય અન્ય કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરિયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવો સમગ્રપણે ધ્યાને લેવામાં આવેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે રજૂ પુરાવાને ધ્યાને રાખીને આરોપીનું *ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–313* હેઠળ વિશેષ નિવેદન તા.૧૪/૦૩/૨૦૨૪ ના રોજ નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો અને બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલો. વિશેષમાં જણાવેલુ કે, "અમો આરોપી નિર્દોષ છીએ કહેવાતો ગુનો કરેલ નથી ફરિયાદીએ ખોટી રીતે ચેક મેળવી અમો આરોપી વિરૂધ્ધ હાલમાં આ ખોટો કેસ કરેલ છે."

(૪.૧) સદર કામે આરોપીએ બચાવના સાહેદો તપાસવાનો અને જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ હોય સદર કામ સીધુ દલીલો માટે મુકરર કરવામાં આવેલુ.

(૫) પ્રસ્તુત કામે ફરિયાદી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે, જેમાં મહદઅંશે

Digitally signed by
AXAYKUMAR SURYAKANT
JANI
at SURAT
on 11/03/2026 11:47:24 IST.

ફરિયાદ હકીકતનું અને ફરિયાદી સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો દસ્તાવેજી પુરાવા સંદર્ભમાં પુનરાવર્તન કરેલ છે. વધુમાં ફરિયાદ પક્ષે દલીલની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીને તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ નોટીસ મોકલેલી જે તા.૦૨/૦૨/૨૦૨૨ તથા ૦૯/૦૨/૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે. વધુમાં જણાવ્યુ છે કે, ફરિયાદી તરફે વિ.વ.શ્રી દલીલ કરેલ છે, જેમાં મહદઅંશે ફરિયાદ હકીકતનું અને ફરિયાદી સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો દસ્તાવેજી પુરાવા સંદર્ભમાં પુનરાવર્તન કરેલ છે. વધુમાં ફરિયાદ પક્ષે દલીલ કરી છે કે, ધી નેગોશીયબેલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ બનાવવાનો હેતુ જળવાય અને નાણાંકીય વ્યવહારમાં લોકોના પૈસા ડૂબી જાય નહીં માટે આ એક્ટ લાગુ કરેલ છે. જે નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ-૧૩૮ ખાતામાં અપૂરતા ફંડ વિગેરે કારણે ચેકનો અસ્વીકાર થવા બાબતની જોગવાઈ કરે છે. તે તમામ હકીકતો જોતા આ કામે ફરિયાદીની લેણી રકમની ચુકવણી પેટે તકરારી ચેકો આરોપીએ આપેલાની અને જે ચેકો બેંકમાં ભરતા તેનો અનાદર થયેલાનું અને તેની નોટિસ થકી આરોપીને જાણ કરવા છતાં આરોપીએ ચકોની રકમ ચૂકવી આપેલ ન હોવાનું પ્રાથમિક રીતે પુરવાર થતું હોય તે સંજોગોમાં ફરિયાદીએ તેમનો કેસ સાબિત કરેલ છે અને તેથી આરોપી સામે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ ના કામે અધિનિયમની કલમ-૧૩૯ મુજબનું પ્રિઝમ્પશન ફરિયાદીની તરફેણમાં હોવાનું માનવાને પૂરતા અને સબળ કારણો છે. જેથી ફરિયાદી પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થતા હોય ઉપરની તમામ હકીકતો પુરાવામાં લક્ષમાં લઈ આરોપીને ચેકોથી બમણી રકમનો દંડ તથા મહત્તમ બે વર્ષની સજા કરવા તથા ફરિયાદીને ચેકો મુજબની રકમ વળતર ખર્ચ સહિત અપાવવાનો હુકમ કરવા માટે ભારપૂર્વક દલીલ કરેલી છે.

(૫.૧) સદર કામ આરોપીની દલીલો માટે મુકરર કરાવામાં આવેલ પરંતુ આરોપીપક્ષે કોઇ દલીલ નહીં કરતા આરોપીપક્ષનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

**મુ દ્દા ઓ**

1. શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના દેવાની ચુકવણી પેટે આ કામના ફરિયાદીને હાલના કેસ વાળો તકરારી ચેક પોતાની સહી કરીને આપેલો અને બેન્કમાં જમા કરાવતા નાણાં મળી જશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો, જેથી ફરિયાદીએ આ તકારારી ચેક બેન્કમાં જમા કરાવતા તે ચેક "Funds Insufficient" ના શેરાવાળા મેમા સાથે પરત ફરેલો. જેથી ફરિયાદીએ નિયત સમયમર્યાદામાં વૈધાનિક નોટિસ આરોપીને આપેલી, જેની ધોરણસર બજવણી

Digitally signed by
AXAYKUMAR SURYAKANT
JANI
at SURAT
on 11/03/2026 11:47:39 IST.

થયેલી હોવા છતાં આરોપીએ ફરિયાદીની લેણી રકમ ચુકવી આપેલી નહીં. તેમ કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

2. શું હુકમ ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે અત્રેની અદાલતના નિર્ણય નીચે મુજબ છે.

1. હકારમાં.
2. આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદ્દા નં.૧**

(૮) આ કામે આરોપી વિરુધ્ધ *ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮* મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ફરીયાદ દાખલ થયેલ છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની જોગવાઇના આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે. *ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૩ (સંક્ષિપ્તમાં" પુરાવા અધિનિયમ" ) ની કલમ ૧૦૧* અન્વયે પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર છે.

(૮.૧) નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈઓ સબબ ન્યાયીક કાર્યવાહીના કામે ફરિયાદ પક્ષે સૌ પ્રથમ નીચેની હકીકતો પુરવાર કરવી પડે. જો તે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે.

1. કાયદેસરના દેવાની ચૂકવણી પેટે ચેક ઈસ્યુ કર્યો હતો.
2. આ ચેક સમયમર્યાદામાં વટાવવા સારું રજુ થયો હતો.
3. આ ચેક નકારાયો હતો.
4. આ ચેક નકારાતા ફરિયાદીએ નિયત સમયમર્યાદામાં આરોપીને નોટિસ આપી, ચેકવાળી રકમની માંગણી કરી હતી.
5. આ નોટિસ મળી હોવા છતાં ચેક ઈસ્યુ કરનાર, ૧૫ દિવસની સમયમર્યાદામાં ચેકવાળી રકમનું ચુકવણું કરવામાં નિષ્ફળ નિવડેલ હતા.
6. શું ફરિયાદ કાયદાથી નિર્ધારીત સમયમાં દાખલ થયેલી છે ?

(૮.૨) આથી વિશેષ હકીકતે જોવામાં આવે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ તથા કલમ–૧૧૮ મુજબ એમ સ્પષ્ટ છે કે, જો એક વાર એમ સાબિત

Digitally signed by
AXAYKUMAR SURYAKANT
JANI
at SURAT
on 11/03/2026 11:47:56 IST.

થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે, તો તેવા સંજોગોમાં કેટલાંક અનુમાનો અદાલતે કરવાનાં રહે છે. જો કે, તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઇએ તેવો કોઇ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ ઉપરના પુરાવા પરથી તેવા અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૯) પ્રસ્તુત કામે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવે તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫ મુજબ ફરિયાદીએ આંક–૦૪ થી સાહેદ રવિ રામઅવતાર મોર તે ગણપતિ ઈન્ટરનેશનલના ભાગીદાર તથા ઓથોરાઈઝડ પર્સનના પુરાવાનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં ફરિયાદીએ મહદઅંશે તેમની ફરિયાદને અનુરૂપ તમામ હકીકતો જણાવી છે અને જણાવ્યુ છે કે, ફરિયાદીએ આ કામના આરોપી પાસેથી બાકી નીકળતી રકમની ઉઘરાણી કરતા આ કામના આરોપીએ કાયદેસરની ચુકવણીની જવાબદારી સ્વીકારી આ કામના આરોપીએ આરોપીની બેંક આઇ.સી.આઇ.સી.આઇ બેંક, કાપોદ્રા, સુરત શાખાનો તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજનો ચેક નં.૦૦૦૮૦૪, રૂા.૫૦,૦૦૦/– તથા તા.૨૧/૦૧/૨૦૨૨ ના રોજનો ચેક નં.૦૦૦૮૦૫, રૂા.૫૦,૦૦૦/– નો લખી આપી અને પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ કે, સદર ચેકો બેંકમાં રજુ કરતા સદર ચેકોનુ પેમેન્ટ ચોકકસ મળી જશે. આમ આ કામના ફરિયાદીએ આરોપીની સુચના મુજબ ફરિયાદીએ ફરિયાદીની બેંક એચ.ડી.એફ.સી બેંક લી. ઘોડદોડ રોડ, સુરત શાખામાં રજુ કરતા સદર બન્ને ચેકો ફંડ ઈનસફીસીયન્ટના શેરા સાથે તા.૨૪/૦૧/૨૦૨૨ ના રોજ પરત આવેલ. જેની જાણ ફરિયાદીને તા.૨૪/૦૧/૨૦૨૨ ના રોજના રીર્ટન મેમાં વડે થયેલ. જેથી ફરિયાદીએ માંગણા નોટીસ તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ મોકલી આપેલી જે આરોપીને તા.૦૨/૦૨/૨૦૨૨ તથા તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ મળી ગયેલ તેમ છતા સમય મર્યાદામાં આરોપીએ રકમ ચુકવી આપેલ નથી. આ સાહેદની આરોપીપક્ષે કોઇ ઉલટ તપાસ નહી કરેલ હોવાથી ફરિયાદપક્ષની આંક–૨૫ ની અરજી મંજુર કરી આરોપીના ઉલટ તપાસનો હકક બંધ કરેલ છે.

### (૧) શું ચેક કાયદેસરના દેવા પેટે ઈસ્યુ થયો હતો?

(૧૦) રેકર્ડ ઉપર ઉપલબ્ધ ઉપરોક્ત તમામ પુરાવાના અવલોકનને ધ્યાને રાખીને પ્રસ્તુત મુદ્દા સંદર્ભે જોવામાં આવે તો ફરિયાદમાં અને સરતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે, આરોપીએ તા.૦૨/૦૪/૨૦૨૨ થી તા.૧૨/૦૪/૨૦૨૨ સુધી જુદા–જુદા બીલો મારફત

Digitally signed by
AXAYKUMAR SURYAKANT
JANI
at SURAT
on 11/03/2026 11:48:10 IST.

રૂા.૨,૭૯,૩૫૦/- (અંકે રૂપીયા બે લાખ અગણોસીત્તેર હજાર ત્રણસો પચાસ પુરા)નો માલ આરોપીના ઓર્ડર મુજબ આરોપીએ ખરીદ કરેલ સદર માલ ખરીદ કરેલ તે અંગેના બીલો તથા ચલણો પણ આરોપીએ મેળવી લીધેલ. સદર માલની ક્વોલીટી, ક્વોન્ટીટી કે ભાવ બાબતે પણ કોઈ તર-તકરાર નહોતી. જે કાયદેસરના લેણા પેટેની રકમમાથી આરોપીએ રૂા.૧,૦૧,૨૫૦/- ચુકવવાના બાકી હોય આરોપીએ રકમ ફરિયાદીને નહિ ચૂકવી આપતા ફરિયાદીએ દબાણ વધારતા આરોપી પાસેથી પાસેથી રૂા.૭૫,૦૦૦/- તથા વેપારી-ધારા અને શીરસ્તા મુજબ લેટ પેમેન્ટના રૂા.૨૬,૨૫૦/- મળી કુલ રૂા.૧,૦૧,૨૫૦/- લેવાના નીકળતા હતા. આરોપીએ તે લેણા પેટે ચેક નં.૦૦૦૮૦૪ તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજનો રૂા.૫૦,૦૦૦/-નો તથા ચેક નં.૦૦૦૮૦૫ તા.૨૧/૦૧/૨૦૨૨ ના રોજનો રૂા.૫૦,૦૦૦/- નો લખી આપેલ. ઉપરોક્ત ચેકો આપીને આરોપીએ જણાવેલ કે ચેકો પર લખેલી તારીખે કે ત્યારબાદ ચેક જો બેંકમાં ક્લીયરીંગમાં નાખવામાં આવશે તો ચેકો પાસ થઇ જશે અને કાયદેસરની લેણી રકમ ફરિયાદીને મળી જશે. જેથી ફરિયાદીએ તેમની બેંક એચ.ડી.એફ.સી બેક લી. ઘોડદોડ રોડ, સુરત શાખામા રજૂ કરતા તા.૨૪/૦૧/૨૦૨૨ ના રોજ "FUNDS INSUFFICIENT" ના શેરા સહીત વગર સ્વીકાર્યે પરત ફરેલ તેથી ફરીયાદીએ આરોપીને એડવોકેટ મારફતે રજી.પો.એડી થી તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ નોટીસ પાઠવેલ જે નોટીસ પોસ્ટ ખાતાના ટ્રેક રિપોર્ટ પ્રમાણે આરોપીને તા.૦૨/૦૨/૨૦૨૨ તથા ૦૯/૦૨/૨૦૨૨ ના રોજ *(સરતપાસ મુજબ)* ના રોજ ઉપરોક્ત જણાવેલ સરનામે બજી ગયેલ પરંતુ આરોપીએ ફરિયાદીની આજદિન સુધી કોઈ રકમ ચૂકવી આપેલ નહિ કે નોટીસનો કોઈ અમલ પણ કરેલ નહિ.

(૧૦.૧) ફરિયાદના સમર્થનમાં ફરિયાદીએ આંક-૧૦ થી ઓથોરીટી લેટર, આંક-૧૧ થી ફરિયાદીના બેક સ્ટેટેમન્ટની અટેસ્ટેટ ઝેરોક્ષ નકલ, આંક-૧૨ થી જી.એસ.ટી. સર્ટીફિકટે, આંક-૧૩ થી આરોપીએ ખરીદ કરેલ માલની બીલ નં.૨૮, આંક-૧૪ થી આરોપીએ ખરીદ કરેલ માલની બીલ નં.૬૦, આંક-૧૫ થી અસલ ચેક, આંક-૧૬ થી રીર્ટન મેમો, આંક-૧૭ થી અસલ ચેક, આંક-૧૮ થી રીર્ટન મેમો, આંક-૧૯ થી મોકલેલ નોટીસ, આંક-૨૦ થી મોકલેલ રજી.એ.ડી.ની રસીદ, આંક-૨૧ થી નોટીસ બજી ગયા અંગેની માહિતી દર્શાવતુ ઇન્ટરનેટ પ્રોસ્પેકટની કોપી, આંક-૨૨ થી સ્પીડ પોસ્ટથી મોકલાવેલ ડિમાન્ડ નોટીસની રસીદ, આંક-૨૩ થી નોટીસ બજી ગયા અંગેની માહિતી દર્શાવતુ ઇન્ટરનેટ પ્રોસ્પેકટની કોપી રજુ કરેલ છે. ફરિયાદપક્ષે રજૂ કરેલા તમામ દસ્તાવેજોને આરોપીપક્ષ દ્વારા યોગ્ય અને પુરતી તક મળેલ હોવા છતા પડકારેલ નથી કે, તેની હકીકતોને નહીં માનવા પુરતી ખંડનાત્મક હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી.

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:48:24 IST.

(૧૧) આ કામે રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવે તો તકરારી આંક–૧૫, ૧૭ વાળા ચેકોમાં આરોપીની સહી નથી કે તે ગોપીનાથજી નોન વોવેનના પ્રોપરાયટરની નથી કે, આ ચેક આરોપીએ ઇસ્યુ કરેલ નથી તે સંદર્ભની કોઇ તકરાર ઉઠાવી નથી જયારે ફરિયાદીએ સ્પષ્ટપણે જણાવ્યુ છે કે, આ ચેકો આરોપીએ સહી કરીને આપ્યા હતા. ફરિયાદીની ઉલટ તપાસ કરેલ હોય તેમ જણાતુ નથી. એટલુ જ નહી પરંતુ આ તકરારી ચેક આરોપીએ ઇસ્યુ કરેલા નહી તેવુ માનવાને કારણ નથી ત્યારે કાયદાની કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબ ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવા પાત્ર થાય છે.

(૧૧.૧) રેકર્ડ ઉપરની હકીકતોનો અભ્યાસ કરતાં અને ઉપરોક્ત ચર્ચાને ધ્યાને રાખતા નોંધનીય છે કે, *ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮* મુજબ આંક–૧૫, ૧૭ વાળા ચેકો અવેજના બદલામાં આપવામાં આવ્યો હતા તેવું અનુમાન કરવા તરફ દોરી જાય છે. જેનું આરોપી પક્ષે જરૂરી ખંડન કરેલ નથી. જે તમામ હકીકતોનો અભ્યાસ કરતાં સ્પષ્ટપણે *ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯* મુજબ ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવા દોરી જાય છે કે, ચેકના ધારકને સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખ પ્રકારનો ચેક મળ્યો છે. જેથી આ તબક્કે રંગપ્પા વિરૂદ્ધ શ્રી મોહનના ૨૦૧૦(૦) જીએલએચઇએલ–એસસી ૪૮૪૪ ક્રિમીનલ અપીલ નં.૧૦૨/૨૦૧૦ તથા M/s.Kumar Exports Versus Sharma Carpets, 2009(2) GLR 1240 ના ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબકલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના સ્પષ્ટપણે ફરિયાદ પક્ષની તરફેણમાં અનુમાનો પુરવાર થાય છે. આમ, રેકર્ડ ઉપરની હકીકતો અને આરોપીએ સદરહું ચેક કાયદેસરના દેવા પેટે ઇસ્યુ કર્યો હતો તેવું માનવાને કારણ રહે છે.

## (૨) શું ચેક સમયમર્યાદામાં વટાવવા સારું રજુ થયો હતો ?

(૧૨) પ્રસ્તુત કામે ફરિયાદીએ પોતાના કેસના સમર્થનમાં *આંક–૧૫, ૧૭* થી ચેકો રજૂ કરેલ છે. જે વંચાણે લેવામાં આવે તો આ ચેકો *તા.૨૨.૧૨.૨૦૨૧ તથા તા.૨૧.૦૧.૨૦૨૨* ના રોજ ઇસ્યુ થયેલ હોવાનું જણાય છે. આ ચેકો *ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮(એ)* મુજબ The cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier; આ સાથે સાથે *રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના બેન્કીંગ રેગ્યુલેશન એક્ટ – ૧૯૪૯* ની કલમ–૩૫(એ) અંતર્ગતના *સર્ક્યુલર RBI/2011–12/251 DBOD AML BC*

Digitally signed by
AXAYKUMAR SURYAKANT
JANI
at SURAT
on 11/03/2026 11:48:39 IST.

*No.47/14.01.001/2011-12, dated 04/11/2011,* થી *તા.૦૧/૦૪/૨૦૧૨ ની અસરથી* પેમેન્ટ માટે ચેક રજૂ કરવાની સમયમર્યાદા ત્રણ માસ કરેલી છે. તે બંને હકીકતો ધ્યાને લીધી. એટલે કે, પ્રસ્તુત કેસ વાળા ચેકો *તા.૨૨.૧૨.૨૦૨૧ તથા તા.૨૧.૦૧.૨૦૨૨* થી ૬ માસમાં *અથવા તેની અવધીની મર્યાદા સુધીમાં એટલે કે રીઝર્વે બેન્ક ઓફ ઈન્ડિયાના સર્ક્યુલર મુજબ હવે ત્રણ માસમાં* આ ચેક ફરિયાદીએ બેન્કમાં રજૂ વટાવવા માટે રજૂ કર્યો હતો કે નહીં તે અંગે ચર્ચા કરવાની રહે.

(૧૨.૧) રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવે તો ફરિયાદપક્ષ તરફે આ *આંક-૧૫, ૧૭* વાળા ચેકો કઈ તારીખે બેન્કમાં રજૂ કર્યો હતા તેને લગતા બેન્ક કાઉન્ટર સ્લીપ કે અન્ય કોઈ આધાર પુરાવા રજૂ કર્યા નથી. પરંતુ *આંક-૧૬, ૧૮* થી રજૂ ચેક રીટર્ન મેમા વંચાણે લેવામાં આવે તો તે તા.૨૪.૦૧.૨૦૨૨ ના રોજ પરત થયેલો હોવાનું જણાય છે. આરોપી પક્ષે ક્યાંય આ રીટર્ન મેમા સંદર્ભે ખંડનાત્મક અનુમાન થઈ શકે તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરી નથી. પ્રસ્તુત ચેકો *તા.૨૨.૧૨.૨૦૨૧ તથા તા.૨૧.૦૧.૨૦૨૨* ના રોજ ઈસ્યુ થયેલા છે, જે *તા.૨૪.૦૧.૨૦૨૨* ના રોજ રીટર્ન મેમાથી પરત ફરેલ છે એટલે એવું માનવાને પ્રબળ કારણ રહે છે કે, સદરહું *આંક-૧૫, ૧૭* વાળા ચેકો તેની નિયત અવધીમાં બેન્કમાં રજૂ કરવામાં આવ્યા હતા.

## (૩) શું ચેક નકારાયો હતો?

(૧૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં રજૂ રાખેલ *આંક-૧૬, ૧૮* વાળા રીર્ટન મેમો જ વંચાણે લેવામાં આવે તો તેમાં ચેક નકારાવાનું કારણ *"ફંડ ઇનસફીસીયન્ટ"* ના શેરા સાથે પરત ફરેલ છે. *અગાઉ ચર્ચા કરી તેમ ફરિયાદી સાહેદની આ મુદ્દે આરોપી પક્ષે કોઈ ઉલટતપાસ કરેલી નથી.* આંક-૧૬, ૧૮ એ અધિકૃત બેન્ક દ્વારા ઈસ્યુ રીટર્ન મેમા છે, તેને નહીં માનવાને કોઈ કારણ નથી. ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં રજૂ રાખેલ ચેક રીટર્ન મેમો જ વંચાણે લેવામાં આવે તો તેમાં ચેક નકારાવાનું કારણ "ફંડ ઇનસફીસીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલ છે તેવું સ્પષ્ટ દર્શાવેલું છે. ફરિયાદીએ આરોપીને આંક-૧૯ વાળી નોટિસ આપી ચેકો વાળી રકમની માંગણી કરી હતી, તેમાં પણ ફરિયાદીએ સદરહું ચેક "ફંડ ઇનસફીસીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલાની હકીકત જણાવેલ. જે સમગ્ર ચર્ચાને ધ્યાને રાખતા આરોપીએ ઈસ્યુ કરેલ ચેકો "ફંડ ઇનસફીસીયન્ટના" કારણે નકારાયો હોવાનુ પુરવાર થાય છે.

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:48:55 IST.

## (૪) શું ચેક નકારાતા ફરિયાદીએ નિયત સમયમર્યાદામાં આરોપીને નોટિસ આપી, ચેકવાળી રકમની માંગણી કરી હતી ?

(૧૪) અગાઉ ચર્ચા કરી તેમ આરોપીએ ઈસ્યુ કરેલ ચેકો તા.૨૪/૦૧/૨૦૨૨ ના રોજ પરત ફરેલા ત્યાર થી દિન–૩૦ માં નોટીસ આપવી પડે. તે રીતે જોતા આંક–૧૯ વાળી નોટીસ આંક–૨૦ અને ૨૨ મુજબ તા.૦૧/૦૨/૨૦૨૨ ના રોજ મોકલી આપેલી જે આરોપીને આંક–૨૩ મુબજ તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ બજેલી છે તે રીતે જોતા નોટીસ દિન–૩૦ માં બજેલી હોવાનુ માનવાને કારણ રહે છે. આંક–૧૯ વાળી નોટીસ વંચાણે લેવામાં આવેતો તેમાં ફરિયાદીએ સ્પષ્ટપણે ચેક વાળી રકમની માંગણી કરેલ હોવાનુ જણાય છે.

## (૫) શું નોટિસ મળી હોવા છતાં ચેક ઈસ્યુ કરનાર, ૧૫ દિવસની સમયમર્યાદામાં ચેકવાળી રકમનું ચુકવણું કરવામાં નિષ્ફળ નિવડેલ હતા ?

(૧૫) ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીને નોટીસ તા.૦૯/૦૨/૨૦૨૨ ના રોજ મળેલ છે. ત્યારથી દિન–૧૫ નો સમગ ગણતા તા.૨૩/૦૨/૨૦૨૨ સુધીમાં આરોપીએ રકમ ભરપાઇ કરવી જોઇએ જેમાં આરોપી નિષ્ફળ ગયેલ. ફરિયાદીએ હાલની ફરિયાદ તા.૦૯/૦૩/૨૦૨૨ ના રોજ દાખલ કરી ત્યા સુધીમાં આોરપીએ ચેકો વાળી રકમ ચુકવી આપેલ હોય તેમ જણાતુ નથી. આમ, આ રકમ આરોપીએ તેમને નોટિસ આપ્યા બાદ કાયદાથી નિયત થયેલ સમયમર્યાદામાં ચુકવી આપી હોય તેમ જણાતું નથી. જેથી આરોપી નોટિસ મળી હોવા છતાં ૧૫ દિવસની સમય અવધીમાં ચેકવાળી રકમ ફરિયાદીને પરત ચુકવવામાં નિષ્ફળ નિવડેલ છે તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

## (૬) શું ફરિયાદ કાયદાથી નિર્ધારીત સમયમાં દાખલ થયેલી છે ?

(૧૬) અહીં નોંધનીય છે કે, ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપીએ તા.૨૩/૦૨/૨૦૨૨ સુધીમાં ચેક વાળી રકમ ભરપાઇ કરવાની હતી જે ભરપાઇ કરવામાં આરોપી નિષ્ફળ ગયેલા છે તેમ છતા આ તબકકે નામદાર સૃપ્રિમ કોર્ટે સીવીલ ઓરીજનલ જયુરીડીકશન મી.એ.નં.૨૧/૨૦૨૨, ૬૬૫/૨૦૨૧, એસ.એમ.ડબલ્યુ (સી) નં.૩/૨૦૨૦, માં તારીખ. ૧૦/૦૧/૨૦૨૨ ના રોજ ફરમાવેલ હુકમ મુજબ લીમીટેશન તા.૨૮/૦૨/૨૦૨૨ સુધી એકસટેન્ડ કરેલ હતો જેથી હવે જોવામાં આવે તો ફરિયાદીએ

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:49:08 IST.

તા.૦૧/૦૩/૨૦૨૨ થી ફરિયાદ દાખલ કરવાની થાય અને ત્યારથી દિન-૩૦ ગણતા હાલની ફરિયાદ કે જે તા.૦૯/૦૩/૨૦૨૨ ના રોજ દાખલ થયેલ છે તે નિયત સમય મર્યાદમાં દાખલ થયેલ હોવાનુ માનવાને કારણ રહે છે.

(૧૭) કાયદાનો, તે સંદર્ભમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવાનો અભ્યાસ કરી કેસની હકીકત ધ્યાને રાખવામાં આવે તો આરોપીએ પોતાના દેવાની ચુકવણી પેટે જાતે સહી કરીને ચેક ઈસ્યુ કર્યો હતો. આ ચેક ફરિયાદીએ સમયમર્યાદામાં બેન્કમાં વટાવવા સારૂ રજૂ કરતાં તે પરત ફરેલો છે અને ચેક પરત ફરતાં ફરિયાદીએ નિયત સમયમર્યાદામાં ચેકવાળી રકમની માંગણી કરતી નોટિસ આરોપીને આપેલી, જેની આરોપીને બજવણી થયેલી હોવા છતાં આરોપીએ ચેકવાળી રકમ ફરિયાદીને ચુકવી આપી નથી. ફરીયાદીની તરફેણમાના દેવું અને જવાબદારી કાયદેસર રીતે અમલપાત્ર છે તેવા અનુમાનનું ખંડન કરી શકે તેટલો પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી (વિશ્વસનીય સંભવિતતાઓના પ્રાબલ્ય) જેટલો પુરાવો આપી અનુમાનનું ખંડન આરોપી પક્ષ હાલના કેસમાં કરી શકેલ નથી. આમ, સમગ્રપણે ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરી શકેલ હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું હોઈ, આ કામે ઉપસ્થિત મુદ્દા નં.૦૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે. સબબ આ કામે મુદ્દા નં.૦૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

1. આરોપી પ્રકાશભાઇ બાબુભાઇ માલવીયા તે "ગોપીનાથજી નોન વોવેનના પ્રોપરાયટર"ને *ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨)* અન્વયે આરોપીને *ધી નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮* મુજબના શિક્ષાપાત્ર ગુનાના આરોપમાં *તકસીરવાન ઠરાવવામાં આવે છે.*
2. સજાના પ્રમાણ અંગે સાંભળવા.

હુકમ આજ તા.૧૧ મી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:49:50 IST.

**તારીખ - ૧૧/૦૩/૨૦૨૬**
**સ્થળ - સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**જજ કોડ - જીજે૦૧૬૦૬**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત.**

**<u>સજા અંગે સાંભળ્યા.</u>**

(૧૮) પ્રસ્તુત કામે નોંધ્યુ તેમ આરોપી હાજર નહીં હોવાથી નામદાર ગુજરાત હાઈકોર્ટે *<u>SHARAD JETHALAL SAVLA Versus STATE OF GUJARAT & 2, CRIMINAL MISC. APPLICATION (FOR DIRECTION) NO. 19862 of 2015, Date : 14/11/2016</u>* ના રોજ પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવેલ છે. જેથી હવે તે મુજબ જોતાં સજા અંગે આરોપી તરફે કોઈ રજૂઆત નથી તેમ માનવાને કારણ રહે છે.

(૧૯) ફરિયાદી તરફે તેમના વિ.વ.શ્રીએ દલીલ કરી છે કે, ફરિયાદીએ આરોપીને નાણાં આપેલા, જે આરોપીએ નિયત સમયમાં નાણાં પરત કરેલા નહીં અને તે દેવાની ચુકવણી પેટે આરોપીએ ચેક ઈસ્યુ કર્યો હતો જે નકારાયેલ છે. ફરિયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરેલ છે કે, ત્યારે સમાજમાં દાખલો બેસે તેવી આરોપીને કાયદામાં દર્શાવેલી પુરેપુરી સજા અને ચેકની રકમ કરતાં બમણી રકમનો દંડ કરવો જોઈએ અને તેમાંથી ફરિયાદીને ચેકની રકમ જેટલું વળતર અપાવવા હુકમ કરવા દલીલ કરી છે.

(૨૦) તમામ હકીકત, સંજોગો અને પક્ષકારો તરફે થયેલ દલીલો તેમજ રેકર્ડ ઉપરની હકીકતો ધ્યાને રાખવામાં આવેલ છે. આરોપી વિરૂદ્ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો ગુનો પુરવાર થયેલો છે. રેકર્ડ ઉપરની હકીકતો અને તે સંદર્ભમાં ઉપરોક્ત કરવામાં આવેલ ચર્ચાને ધ્યાને રાખતા આ કામે તકરારી ચેક આંક-૧૫ વાળો રૂા.૫૦,૦૦૦/-, આંક-૧૭ વાળો રૂા.૫૦,૦૦૦/- ના મળી કુલ રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) નો છે. નોંધનીય છે કે, આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૪૩(એ) અંતર્ગત વચગાળાનું વળતર ચુકવવા અંગે કોઈ હુકમ થયેલ નથી. પ્રવર્તમાન સમયમાં આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતું જાય છે તે તમામ હકીકતોને ધ્યાને રાખી આરોપી સામે પુરવાર થયેલ ગુનાની હકીકત અને ગંભીરતા ધ્યાને રાખવામાં આવેલ છે. સબબ આ કામે આરોપી વિરૂદ્ધનો ગુનો પુરવાર થયેલ હોઈ, અને આરોપી અદાલત સમક્ષ હાજર રહેલા નહીં હોવાથી *<u>ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૧૮(૨)</u>* મુજબ આરોપી વિરૂદ્ધ સજા વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવશે તો પણ તે ઉચિત જણાય છે. સદરહું તમામ ચર્ચા અને કાનુની જોગવાઈઓને ધ્યાને રાખીને પ્રસ્તુત કામે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:50:05 IST.

## આખરી હુકમ

1. આરોપી પ્રકાશભાઇ બાબુભાઇ માલવીયા તે ગોપીનાથજી નોન વોવેનના પ્રોપરાઇટરને *ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૫૫(૨)* અન્વયે *ધી નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮* મુજબના શિક્ષા પાત્ર ગુનાના આરોપમાં તકસીરવાન ઠરાવી ૦૧ (એક) વર્ષની સાદી કેદની સજા અને [આંક–૧૫ વાળો રૂા.૫૦,૦૦૦/–, આંક–૧૭ વાળો રૂા.૫૦,૦૦૦/– ના મળી] કુલ રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો, આરોપી દંડની રકમ ભરપાઈ ન કરે તો તેઓને *વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા* ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.
2. અપીલ સમય પુરો થયા બાદ જો સદરહું ચુકાદા વિરૂદ્ધ અપિલ થયેલી ના હોય તો *ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭* મુજબ દંડની પુરેપુરી રકમ, ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.
3. *ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮* અન્વયે આ કામે આરોપીએ ટ્રાયલ દરમ્યાન કોઈ સમય સુધી જેલમાં રહ્યા હોય તો તેટલો સમય આરોપીને મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.
4. *ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩* મુજબ આરોપી હાજર થયેથી આ હુકમની એક નકલ આરોપીને વિના મૂલ્યે તાત્કાલીક આપવી.
5. પ્રસ્તુત કામે વચગાળાની કોઈ અરજી પેન્ડીંગ હોય તો તે આથી કેંસલ ગણવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧ મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
AXAYKUMAR SURYAKANT JANI
at SURAT
on 11/03/2026 11:50:44 IST.

**તારીખ – ૧૧/૦૩/૨૦૨૬**
**સ્થળ – સુરત**

**(અક્ષયકુમાર સૂર્યકાન્ત જાની)**
**જજ કોડ – જીજે૦૧૬૦૬**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ), સુરત.**